## ACKNOWLEDGEMENT

We sincerely express our gratitude to **"Teerthdham Manglayatan"** from where we have sourced **"Badhte Charan Junior K.G"**.

**"Teerthdham Manglayatan"** have taken due care, However, if you find any error, for which we request all the reader to kindly inform us at info@vitragvani.com or to Info@Manglayatan.com **"Teerthdham Manglayatan"**

૧



આપણા જીવનશિલ્પી
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રી
કાનજીસ્વામીના
કરકમળોમાં સવિનય સમર્પિત.

અમે છીએ આપના
નાના નાના જ્ઞાયક

# પંચ પરમેષ્ઠી વંદના

અરહંતોને નમસ્કાર હો,
સિદ્ધોને સાદર વંદન.
આચાર્યોને નમસ્કાર હો,
ઉપાધ્યાયને હો વંદન.
અને લોકના સર્વ સાધુઓને હો
વિનય સહિત વંદન.
પંચ પરમ પરમેષ્ઠી પ્રભુને
વારંવાર મારા વંદન.

3

# આપણો નમસ્કાર મંત્ર

ણમો અરહંતાણં
ણમો સિદ્ધાણં
ણમો આઇરિયાણં
ણમો ઉવજ્ઝાયાણં
ણમો લોએ સવ્વ સાહૂણં

૪

# અરહંત વંદના

અરહંત મારા દેવ છે,
રાગરહિત વીતરાગ છે,
આખા જગના જ્ઞાતા છે,
હિતનો માર્ગ બતાવે છે.

ચાર કર્મનો નાશ કર્યો,
કર્તા છે ન હર્તા છે,
ના ખાય છે ના પીવે છે,
કેવળ સુખના ભોક્તા છે.

ક્રોધ કરે ન માન કરે,
રાખે નહિ અસ્ત્ર-શસ્ત્રને,
અનંત શક્તિના ધારી છે,
નિજાનંદમાં લીન રહે.


૫
ણમો અરહંતાણં
અરહંત ભગવંતોને
મારા નમસ્કાર હો !

૬

# સિદ્ધ વંદના

સિદ્ધ પ્રભુ આદર્શ છે મારા,
અષ્ટ કર્મથી રહિત સદા,
દેહ રહિત છે, અશરીરી,
છતાં ભોગવે સુખ સદા.

રહે લોકના શિખર ઉપર,
જ્ઞાતા-દૃષ્ટા જેનું કામ,
એ કહેવાય છે પુરુષાકાર,
જ્ઞાન શરીરી વ્હાલું નામ.

ન આવે છે ન જાય છે,
સદા અચલ સ્થિર રહે,
કોટિ કોટિ વંદન હો તમને,
ધ્યાન તમારું સદા રહે.


૭
ણમો સિદ્ધાણં
સિદ્ધ ભગવંતોને
મારા નમસ્કાર હો !


૮

# આચાર્ય વંદના

મોક્ષમાર્ગના નેતા છે,
આચાર્ય અમારા ગુરુવર છે,
પંચાચારને પાળે છે,
જંગલ એમનું ઘર છે.

છત્રીસ ગુણોના ધારી છે,
દીક્ષા - શિક્ષા આપે છે,
અંત સમય છે જાણીને
મરણ સમાધિ સાધે છે.

કરુણા જ્યારે જાગે છે,
ગ્રંથ લખે, ઉપદેશ કરે,
જ્ઞાન-ધ્યાનમાં સદા રહે,
ઝટપટ મોક્ષે જાય છે.


૯
ણમો આઇરિયાણં
આચાર્ય ભગવંતોને
મારા નમસ્કાર હો !


१०

# ઉપાધ્યાય વંદના

ઉપાધ્યાય મુનિરાજ છે,
ભણવું ભણાવવું કામ છે,
બુદ્ધિના સમ્રાટ છે,
પાઠક એમનું નામ છે.

પચીસ ગુણોના ધારક છે,
મુનિગણને ભણાવે છે,
અમૃત ઝરતું મુખમાંથી,
તેમ છતાં રહેતાં નિજમાં.

નિજ સ્વરૂપમાં રમે છે,
સુખના ઝરણા ઝરે છે,
આવા મુનિવર ઉપાધ્યાયના,
ચરણોમાં અમારી હો વંદના.


૧૧
ણમો ઉવજ્ઝાયાણં
ઉપાધ્યાય ભગવંતોને
મારા નમસ્કાર હો !


## ૧૨

# સાધુ વંદના


બે અક્ષરનું એમનું નામ,
જ્ઞાન-ધ્યાનમાં રહેવું કામ,
મૌન રહી કરતા કલ્યાણ,
વન જંગલ છે એમનું ધામ.


નગ્ન દિગંબર સદા રહે,
જગથી નિર્લેપ સદા રહે,
ઉપસર્ગોમાં શાંત રહે,
આત્મશુદ્ધિમાં સદા રહે.

હાલતા-ચાલતા સિદ્ધ કહેવાય,
આત્મધ્યાનમાં રહે સદાય,
આવા મહા મુનિશ્વર ગુરુને
શત શત મારા હો વંદન.


૧૩
ણમો લોએ સવ્વ સાહૂણં
श्रीसमन्तभद्राचार्य
લોકના સર્વ સાધુ ભગવંતોને
મારા નમસ્કાર હો !


૧૪
૧. ઋષભનાથ
૨. અજિતનાથ
૩. સંભવનાથ
આપણા ચોવીસ તીર્થંકર
૪. અભિનંદનનાથ
૫. સુમતિનાથ
૬. પદ્મપ્રભ
૭. સુપાર્શ્વનાથ
૮. ચંદ્રપ્રભ


૧૫
૯. પુષ્પદંત
૧૦. શીતલનાથ
૧૧. શ્રેયાંસનાથ
૧૨. વાસુપૂજ્ય
૧૩. વિમલનાથ
૧૪. અનંતનાથ
૧૫. ધર્મનાથ
૧૬. શાંતિનાથ


૧૬
૧૭. કુંથુનાથ
૧૮. અરનાથ
૧૯. મલ્લિનાથ
૨૦. મુનિસુવ્રતનાથ
૨૧. નમિનાથ
૨૨. નેમિનાથ
૨૩. પાર્શ્વનાથ
૨૪. મહાવીરસ્વામી

૧૭

# જડ અને ચૈતન્ય



## ચૈતન્ય પદાર્થ

ચૈતન્ય પદાર્થ જ્ઞાનસ્વરૂપ છે.
જ્ઞાન તેનો સ્વભાવ છે.

## જડ પદાર્થો





જડ પદાર્થમાં જ્ઞાન નથી.
તેનો સ્વભાવ અચેતન છે.



જડ પદાર્થો મારાથી અત્યંત ભિન્ન છે.

૧૮

# ચેતન રાજા




ચેતન રાજા કેવા છે ? સિદ્ધ પ્રભુની જેવા છે.
ચેતન રાજા શું કરતા ? માત્ર જાણતા-દેખતા.
કેમ ભટકે સંસારમાં ? પરિભ્રમણની જાળમાં ?
ચેતન તો પોતાને ભૂલ્યો, પરને જોઈને ફૂલ્યો.
જાણે ચેતન જો પોતાને, પોતામાં એ સુખ માને,
તો સર્વ દુઃખને દૂર કરે, મોક્ષ સુખનું પાન કરે.

૧૯

# ભેદજ્ઞાન

હું જીવ છું.
મારામાં જ્ઞાન છે.
હું જ્ઞાનથી જાણું છું.
મારામાં સુખ છે.





શરીર અજીવ છે.
શરીરમાં જ્ઞાન નથી.
શરીર કંઈ જાણતું નથી.
શરીરમાં સુખ નથી.

**હું અને શરીર ભિન્ન ભિન્ન છીએ.**

૨૦

# બાળ ગીત



હમ નન્હેં મુન્ને બચ્ચે હૈં, દાંત હમારે કચ્ચે હૈં.
જૂઠ કભી ના બોલેંગે, દિલ ન કિસી કા દુખાયેંગે.
જિનદર્શન કો જાયેંગે, નિજ સ્વભાવ કો પાયેંગે,
અબ તો જલ્દી કરેંગે હમ, અબ તો મુનિ બનેંગે હમ.